# જિલ્લામાંથી સ્વાઈન ફલુ પોઝીટીવના વધુ ૩ કેસ મળ્યા

**વાવોલ-ઝુંડાલ-રકનપુરમાંથી આ કેસ મળ્યા : બે પુરૂષ અને મહિલા દર્દી : જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૩૧ થઈ**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાંથી સ્વાઈન ફલુ પોઝીટીવના વધુ ૩ દર્દી મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૩૧ પર પહોંચી છે.

જિલ્લાતંત્ર સ્વાઈન ફલુ પોઝીટીવના દર્દીઓ જે ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે તેમને ગણતરીમાં લેતુ જ નથી.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા કેસોમાં બે કેસ ગાંધીનગર તાલુકાના છે જ્યારે એક કેસ કલોલ તાલુકાનો છે. આજે નોંધાયેલા કેસોમાં એક મહિલા દર્દી અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

આજે એક કેસ ઝુંડાલની બાવન વર્ષીય મહિલાનો છે. જ્યારે એક કેસ કલોલ તાલુકાના રકનપુર ગામનો ૨૮ વર્ષીય યુવાન છે. ત્રીજો કેસ ગાંધીનગરને અડીને આવેલ વાવોલ ગામનો છે.

ઝુંડાલ અને રકનપુર ગામના દર્દીઓ અમદાવાદ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જ્યારે વાવોલનો દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ત્રણેય દર્દીઓની સ્થિતિ સ્થીર છે. જિલ્લામાં ૧૬ દર્દીઓ સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને

● અનુસંધાન પાન-૭ પર



ઉમંગની અભિવ્યક્તિ - યુવાનોનું સૌથી પ્રિય પર્વ નવરાત્રી આગમનના પગલે ઉત્સાહનો માહોલ સર્જાયો છે... ચણીયા-ચોળી, આભૂષણો, દાંડીયા, ગરબાના મોંઘા ડ્રેસનું માર્કેટ ધમધાકોર ચાલે છે... મનના ઉમંગોની અભિવ્યક્તિ માટે મનગમતા અને મોંઘા ડ્રેસ પહેરવાનો શોખ આજકાલ વધતો જાય છે... ખેલૈયાઓ ગરબાના ડ્રેસ અને આભૂષણો પાછળ ખાસુ મોટુ બજેટ ફાળવે છે... ઘણા ખેલૈયાઓ તો ડ્રેસ ડિઝાઈન કરાવવા ડ્રેસ ડિઝાઈનર પાસે સ્પેશ્યલ ડિઝાઈન બનાવડાવે છે... આમ નવરાત્રીના પર્વના આગમનનો ઉત્સાહ યુવાનો છલકાતો જોવા મળે છે...

# આર ટી ઓ કચેરીને પેપરલેસ કરવાની યોજનાનો ફીયાસ્કો

ગાંધીનગર તા ૫

ગાંધીનગરની કહેવાતી હાઈટેક આર ટી ઓ કચેરીમાં આડા દિવસે આમપણ આમ નાગરિકો ધક્કે ચઢે છે. સર્વર ડાઉન હોવાના લીધે અરજદારોના કામ અટવાય છે. જયારે આર ટી ઓ કચેરી દ્વારા ફરજિયાત કરવામાં આવેલી ઓનલાઈન સિસ્ટમનુ પણ સુરસુરિયુ થઈ ગયુ છે. ગાંધીનગરમાં શરૂ કરાયેલી આ સિસ્ટમનો ફિયાસ્કો થઈ ગયો છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી હાઈટેક અને પેપરલેસ હોવાની ગુલબાંગો વચ્ચે રોજબરોજ આમ નાગરિકોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં એક સાંધો અને તેર તુટે જેવી સ્થિતિ છે. આર ટી ઓ કચેરીમાં પ્રવેશતા જ સમસ્યાઓ શરૂ થઈ જાય છે. પાર્કીંગ તેમજ ટ્રાફિક નિયમનના મામલે કચેરીના ગેટ પાસેથી જ નિયમોનુ ઉલ્લંઘન થતુ નજરે પડે છે. જયારે રોજબરોજ સર્વર ડાઉન હોવાની ફરિયાદો વચ્ચે અરજદારોના કામો પણ અટવાય છે. જયારે એજન્ટ પ્રથા નાબુદ કરવાની વાતો સાથે આર ટી ઓ કચેરીમાં ઓકટોબર મહીનાથી તમામ કામગીરી ઓનલાઈન કરી દેવામાં આવી હતી જેને અનુલક્ષીને ગાંધીનગરની આર ટી ઓ કચેરી સાચા અર્થમાં પેપરલેસ કચેરી બનશે તેમ જણાંતુ હતુ. પરંતુ સર્વરની સમસ્યાને અનુલક્ષી ઓનલાઈન પ્રોજેકટનુ સુરસુરિયુ થઈ ગયુ છે. જેના પરિણામે હારી થાકીને અરજદારોએ એજન્ટોનો જ આશરો લેવો પડે છે. આ સ્થિતિને નિવારવા માટે આર ટી ઓ કચેરીમાં હેલ્પ ડેસ્ક શરૂ કરવા માટે પણ માંગ ઉઠવા પામી છે. આર ટી ઓ કચેરી અરજદારોના જોરે તોતિંગ આવક કરે છે. પરંતુ અરજદારોના પ્રશ્નો તેમજ અરજીનો ઝડપથી નિકાલ આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં નિષ્ફળ રહી છે.

# બઢતી સાથે ૬ ટકા વ્યાજ સહીત એરિયર્સ ચુકવી આપવા સુપ્રિમ કોર્ટનો આદેશ

ગાંધીનગર તા ૫

આઈ એ એસ ની બઢતી વંચિત રાખી ખાતાકીય તપાસ કરવા બદલ હાઈકોર્ટે વળતર ચુકવવાના આદેશના અંતે ગુજરાત સરકારે આ ચુકાદાને સુપ્રિમમાં પડકાર્યો હતો. જયારે સુપ્રિમ કોર્ટે બઢતીથી વંચિત એન એમ ચાવડાને બઢતી આપી ૬ ટકાના વ્યાજ સાથે એરિયર્સ ચુકવી આપવા માટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર એન એમ ચાવડાને યુનિયન પબ્લીક કમિશન નવી દિલ્હી તથા ભારત સરકાર તરફથી વર્ષ ૨૦૦૩ માં આઈ એ એસમાં બઢતી માટે પસંદ કરવામાં આવ્યા હતા. પરંતુ ગુજરાત સરકારના તત્કાલિન નાયબ સચિવ હર્ષ બ્રહ્મભટ્ટે તેમને બઢતીથી વંચિત રાખવા ઈરાદાપુર્વક ખોટી ખાતાકીય તપાસ કરાવી બઢતી આપી ન હતી. આ મામલે એન એમ ચાવડા ન્યાય મેળવવા માટે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જયારે આ કેસ સંદર્ભે હાઈકોર્ટની ડી એચ વાઘેલા તેમજ ઝેડ કે સૈયદની ખંડપીઠે અરજદારને તમામ લાભો આપી ગુજરાત સરકારને રૂ ૧ લાખનુ વળતર ચુકવવા આદેશ કર્યો હતો. જયારે એન એમ ચાવડાએ પોતાના સામેની ખાતાકીય તપાસ ગેરકાયદેસર દ્રેષપુર્ણ અને બઢતીથી વંચિત ઈરાદા સાથેની હોવાથી શિક્ષાત્મક હુકમને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. આ સંદર્ભે ન્યાયમુર્તિ અનંત દવે તેમજ બિરેન વૈષ્ણવની કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. અંતે હાઈકોર્ટે ખાતાકીય તપાસના શિક્ષાત્મક હુકમને દ્રેષપુર્ણ હોવાથી રદ કરવા આદેશ કર્યો હતો.

જયારે એન એમ ચાવડાને મળતા લાભો એક અઠવાડીયામાં ચુકવી દેવા માટે પણ આદેશ કર્યો હતો. આમછતા ગુજરાત સરકારે હાઈકોર્ટના ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો હતો. સુપ્રિમ કોર્ટમાં જસ્ટીસ એ કે સીકરી તેમજ જસ્ટીસ અશોક ભુષણની બેંચ સમક્ષ આ અંગે સુનાવણી હાથ ધરાઈ હતી. સુપ્રિમ કોર્ટે એન એમ ચાવડાને વર્ષ ૨૦૦૩ થી આઈ એ એસ માં બઢતી આપી ૬ ટકા એરિયર્સ ચુકવી આપવા માટે પણ આદેશ કર્યો છે.

# નવરાત્રિના વેકેશનમાં શાળા ચાલુ રાખવામાં આવશે તો નોટીસ અપાશે

**સરકારના પરિપત્રના અંતે પણ શાળાઓ ચાલુ રાખવાનો ગણગણાટ : સરકારના નિયમનુ ઉલ્લંઘન કરવા બદલ જિલ્લા શિક્ષણતંત્ર પગલા ભરશે**

ગાંધીનગર તા ૫

નવદુર્ગાની ભકિત આરાધના માટેના નવરાત પર્વ દરમિયાન સરકાર દ્વારા શાળાઓમાં વેકેશન જાહેર કરવામાં આવ્યુ છે. પરંતુ સરકારની જાહેરાતના અંતે પણ ઘણી શાળાઓ નવરાત્રિ દરમિયાન સરકારના નિયમનુ પાલન કરવાની ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. નવરાતને અનુલક્ષીને સરકાર દ્વારા વેકેશન જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ હતુ. જયારે શાળા સંચાલકો દ્વારા આ મામલે નિરસતા દાખવવામાં આવતા વિદ્યાર્થી આલમમાં આક્રોશ પ્રવર્તયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં નવરાત દરમિયાન સરકારના નિયમનુ ઉલ્લંઘન કરી શાળાઓ ચાલુ રાખવામાં આવશે તો જવાબદાર શાળાના સંચાલકોને જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા નોટીસ આપવામાં આવશે તેમ પણ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જણાંવાયુ છે.

નવદુર્ગાના નવરાત પર્વને અનુલક્ષી સરકાર દ્વારા શાળાઓમાં વેકેશન જાહેર કરવામાં આવ્યુ છે. જયારે નવરાત દરમિયાન આદ્યશક્તિની ભકિત ઉપાસના ઉપરાંત ગરબા મહોત્સવની ઉજવણીનો વિશેષ ઉત્સાહ હોવાથી પ્રથમ શૈક્ષણિક સત્ર મોટુ હોવાની સાથે શિક્ષણવિદો સાથે ચર્ચા વિચારણાના અંતે સરકારે નવરાત પર્વ દરમિયાન વેકેશન જાહેર કર્યુ છે. પરંતુ આ મામલે શાળાઓમાં એકમત ન હોવાનુ ચિત્ર પણ સ્પષ્ટ થયુ છે. નગર સહીત જિલ્લાની કેટલીક શાળાઓ નવરાત દરમિયાન શાળામાં વેકેશન રાખવાના મુડમાં નથી. એકબાજુ નવરાત બાદ તુરંત જ પરીક્ષા આવી રહી છે. જયારે સરકારે નવરાત્રિમાં રજાઓ આપવાનો નિર્ણય લીધો છે. જયારે નવરાત દરમિયાન શાળાઓમાં રજા રહેશે કે કેમ તે અંગે પણ શાળા કક્ષાએથી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને હજુ સુધી જાણ કરવામાં આવી નથી. આવા સંજોગોમાં શહેર તેમજ આસપાસના વિસ્તારની શાળાઓ ચાલુ રાખવાનો નિર્ણય પણ શાળા કક્ષાએથી કરી દેવાયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ સ્થિતિ વચ્ચે વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ મુંઝવણમાં મુકાયા છે. સરકારના પરિપત્રની ઐસી તૈસી કરીને શાળા ચાલુ રાખવામાં આવશે તો જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ શાળા સંચાલકો સામે પગલા લેવાશે તેમ પણ જણાંવાયુ છે. તા ૧૦ થી ૧૮ ઓકટોબર દરમિયાન વેકેશન જાહેર કરાયુ હોવાછતા આવા સંજોગોમાં શાળા ચાલુ રાખવામાં આવશે તો જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નોટીસ આપી કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

# શહેરમાં કોંગ્રેસ દ્વારા જનસંપર્ક અભિયાનને આખરી ઓપ અપાયો

**અભિયાનના કન્વીનર તરીકે રાજેન્દ્રસિંહ ચાવડાની વરણી કરાઈ**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આગામી દિવસોમાં વ્યાપક જનસંપર્ક અભિયાન હાથ ધરવામાં આવશે અને આ જનસંપર્ક અભિયાનના કન્વીનર તરીકે રાજેન્દ્રસિંહ ચાવડાની વરણી કરવામાં આવી છે.

ગઈકાલે શહેર કોંગ્રેસ સમિતિની કારોબારી સમિતિની શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહના અધ્યક્ષપદે બેઠક મળી હતી. જેમાં 'કોંગ્રેસ આપને દ્વાર'ના આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. જેમાં જનસંપર્ક અભિયાન તેમજ ધનસંગ્રહ અભિયાનનો સમાવેશ થાય છે.

આ બેઠકમાં લોકસભાની આવી રહેલી ચૂંટણી પહેલાં પક્ષ દ્વારા યોજાઈ રહેલ આ જનસંપર્ક અભિયાનનું વિશેષ મહત્વ હોવાનું આગેવાનોએ જણાવ્યું હતું. આ ઉપરાંત શક્તિ પ્રોજેક્ટમાં પણ સઘન કામગીરી કરવા સૌને જણાવવામાં આવ્યું હતું.

આ મીટીંગમાં શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, પ્રદેશ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, પ્રદેશ નિરીક્ષક નરેન્દ્રભાઈ રાવત તથા દિલીપભાઈ પટેલ, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, પૂર્વ પ્રમુખ વિક્રમસિંહ ખાચર તથા મુકેશભાઈ પટેલ, મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી મીનાબેન વાઘેલા, યુથ કોંગ્રેસ પ્રમુખ ભાવેશભાઈ દેસાઈ, ઝોન પ્રમુખો, કોર્પોરેટરો, સીનીયર આગેવાનો, સંગઠનના હોદ્દેદારો, વોર્ડ પ્રમુખો, વિવિધ સેલના ચેરમેનો, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગનું સફળ સંચાલન ઝોન પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ ઝોન-૨ના પ્રમુખ તેજાભાઈ દેસાઈએ સૌનો આભાર માન્યો હતો.


**મતદારયાદીની સુધારણા – ૨૦૧૯**

**મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની વધુ એક તક**

**તા.૭–૧૦–૨૦૧૮, રવિવારના રોજ ખાસ ઝુંબેશ**

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- તા.૧–૧–૨૦૧૯ ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરતા હોય તે કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે નમૂના–૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજી કરવી.
- નમૂના–૬ માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના–૭ માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના–૮ માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના–૮(ક) માં અરજી કરવી.

**તા.૭–૧૦–૨૦૧૮, રવિવારના રોજ સવારે ૧૦–૦૦ થી સાંજે ૫–૦૦ કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથકોએ ફોર્મના નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૫–૧૦–૨૦૧૮**

ખાસ ઝુંબેશના દિવસ બાદ તારીખ ૧૫–૧૦–૨૦૧૮ સુધીમાં આપ આપની અરજી મતદારનોંધણી અધિકારી/પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાં આપી શકશો.

**ખાસ નોંધ**

**અગાઉ ખાસ ઝુંબેશની તારીખ ૧૪–૧૦–૨૦૧૮ જાહેર કરવામાં આવેલ હતી જે રદ કરીને તા.૭–૧૦–૨૦૧૮ રાખવામાં આવેલ છે જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.**

યાદ રાખો

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ ગુનો બને છે, આથી જો બે જગ્યાએ નામ હોય તો હાલ જ્યાં રહેતા હોય તો જગ્યાનું નામ ચાલુ રાખી બીજી જગ્યાએ ચાલતું નામ અવશ્ય કમી કરાવો.

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસો.**

માહિતી/૧૭૫૧/૧૮-૧૯ – મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય.


# બોર્ડની પરીક્ષાના રજિસ્ટ્રેશન માટે શાળા ખર્ચ નહીં લઈ શકે

**ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા રાહત : શાળાના સંચાલક ઇન્ટરનેટ, પ્રિન્ટ ખર્ચ પેટે રૂપિયો વસૂલી શકશે નહીં : ગુજરાત બોર્ડ તે રકમ શાળાને સીધી ચૂકવશે**

અમદાવાદ, તા.૫

ધોરણ-૧૦ અને ૧૨ની ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૯માં લેવાનારી પરીક્ષાની કામગીરીની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ માસના અંતમાં પરીક્ષા માટેનાં આવેદનપત્રો ભરાવવાની શરૂઆત થવાની છે ત્યારે કોઈપણ શાળા સંચાલક કોઈ પણ વિદ્યાર્થી પાસેથી ઈન્ટરનેટ ચાર્જ કે પ્રિન્ટ ખર્ચ પેટે રૂપિયો પણ વસૂલી શકશે નહીં, કારણ કે હવે શિક્ષણ બોર્ડ જ વિદ્યાર્થીના આવેદનપત્ર ઓનલાઈન ભરવા માટે થતા ખર્ચ પેટે રૂ ૧૦ વિદ્યાર્થીદીઠ શાળાઓને ચુકવણી કરી દેશે. આમ, બોર્ડની પરીક્ષાના રજિસ્ટ્રેશન માટે શાળાઓ કોઈપણ વિદ્યાર્થી પાસેથી ખર્ચ વસૂલી શકશે નહી. આ નિર્ણય મારફતે બોર્ડ દ્વારા એક પ્રકારે વિદ્યાર્થીઓ અને વાલીઓને થોડી રાહત અપાઈ છે અને ખર્ચની રકમનો બોજો પોતે ઉઠાવ્યો છે. અગાઉ આ સમગ્ર મામલે શિક્ષણબોર્ડને અનેક ફરિયાદ મળતી હતી કે ધોરણ-૧૦ અને ૧૨ના પરીક્ષાના આવેદન ઓનલાઈન ભરતી વખતે શાળા સંચાલકો વિદ્યાર્થી પાસેથી ઈન્ટરનેટ અને પ્રિન્ટ ખર્ચ પેટે રૂ ૫૦ જેટલી રકમની વસૂલી કરતા હતા. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ ડી. એસ. પટેલે જણાવ્યું હતું કે રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીને સામાન્ય સભાની ચર્ચા બાદ લીધેલા નિર્ણય મુજબ રાજ્યની તમામ ગ્રાન્ટેડ અને સરકારી માધ્યમિક શાળાઓના ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ઓનલાઈન આવેદનપત્રો ભરવા માટે રૂ.૧૦ની રકમ વિદ્યાર્થીદીઠ માર્ચની પરીક્ષા માટે આપવાની નક્કી કરાયું છે, જે ઈન્ટરનેટની સુવિધા માટે હશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં શાળાઓમાં આ પ્રકારનો ખર્ચ કરવો પડતો હોય છે. જો કે, બોર્ડ દ્વારા પણ હવે શાળાઓને આ અંગે સ્પષ્ટ તાકીદ કરી દેવામાં આવી છે, જેને પગલે હવે બોર્ડના ઉપરોકત નિર્ણયને પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓને રાહત મળી છે.

# આજે ધોળાકુવા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મનપાના વોર્ડ ૬ અને ૮નો સેવાસેતુ કાર્યક્રમ આજે ધોળાકુવા ખાતે યોજવામાં આવ્યો છે. શહેરના વોર્ડ લેવલના સેવાસેતુ કાર્યક્રમોનું આ અંતિમ આયોજન છે. રાજ્ય સરકારે સપ્ટેમ્બર માસમાં આ સેવાસેતુનો ચોથો તબક્કો શરૂ કરવાની સૂચના આપી હતી. ધોળાકુવા ખાતે યોજાનાર આ સેવાસેતુ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન સવારે નવ વાગે કરશે.

આ કાર્યક્રમમાં ૩૩થી વધુ વ્યક્તીગત સેવાઓને લગતી ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવશે. તંત્ર દ્વારા આ અંગેની તમામ તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે. આ સાથે જ મનપા વિસ્તારમાં ચોથા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમો સંપન્ન થશે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૯૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com